e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 346
January 03, 2014

## નોર્થ ઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં તા.૨૭/૧૨/૨૦૧૩ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના સુચના મુજબ, ડે.ઈજનેર તથા જુની.ઈજનેર શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથઝોન (ઉધના) નાં ઉધના ગામ વિસ્તારના દાઉદનગર હાઉસીંગ સોસાયટીમાં આવેલ મટન/ચીકન નું વેચાણ કરતી સંસ્થા/દુકાનો માં આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવેલ બાબત:–

સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન (ઉધના) નાં ઉધના ગામ વિસ્તારના દાઉદનગર હાઉસીંગ સોસાયટીમાં આવેલ મટન/ચીકન નું વેચાણ કરતી સંસ્થા/દુકાનો માં આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા તા. ૨૯/૧૨/૨૦૧૩ નાં રોજ ચેકીંગ હાથ ધરવામાં આવેલ, જે પૈકી પરવાનો/ લાયસન્સ વગર ધંધો કરતી ૪(ચાર) સંસ્થાઓ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલની સાથે વૈવિધ્ય સભર સાંસ્કૃતિક કાર્યક્રમ :–



સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૪/૧૨/૨૦૧૩ થી ૩૧/૧૨/૨૦૧૩ દરમ્યાન દરરોજ રાત્રે ૭.૦૦ થી રાત્રે ૯.૩૦ કલાક દરમ્યાન પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલની સાથે શાળા–સંસ્થાઓનો વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કૃષ્ણકુંજ મ્યુનિસિપલ પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલમાં રજુ થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમોને...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા)ઝોનમાં બરોડા પ્રિસ્ટેજ તથા કોહીનુર વિસ્તારમાં અનઅધિકૃત દબાણ હટાવ ઝુંબેશ :–

પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૧૭(ફુલપાડા)માં વરાછા મેઈન રોડને લાગુ બરોડા પ્રિસ્ટેજ વિસ્તારમાં વરાછા મેઈન રોડ તથા આંતરિક ટી.પી. રસ્તાઓ ઉપર વર્ષોથી પાથરણાંવાળા, બાકડાંવાળા, શાકભાજી વાળાઓ દ્વારા પાથરણાં પાથરી રસ્તા ઉપર દબાણ ઉભુ કરી રાહતદારીઓ તથા વાહન ચાલકોને નડતરરૂપ થતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા મુખ્યમંત્રીશ્રીના નિર્મળ ગુજરાત અને કલાઈમેટ ચેન્જ અભિયાનના ભાગ રૂપે શહેરી વિસ્તારમાં એનીમલ હોસ્ટેલની સ્થાપનાની યોજના અમલમાં મુકશે. :–

આજરોજ તા. ૩૧/૧૨/૨૦૧૩ના સવારે ૧૦.૩૦ કલાકે મા. મેયરશ્રીની અધ્યક્ષતામાં મા. મુખ્યમંત્રીશ્રીના નિર્મળ ગુજરાત અને કલાઈમેટ ચેન્જ અભિયાનના ભાગરૂપે શહેરી વિસ્તારમાં એનીમલ હોસ્ટેલની સ્થાપનાની યોજના અમલમાં મુકવા માટે ડો. વલ્લભભાઈ કથીરીયા, અધ્યક્ષશ્રી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગુજરાતની હાજરીમાં મીટીંગ મળેલ. જેમાં અધ્યક્ષશ્રી, ગૌસેવા અને ગૌચર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સીટીલાઈટ સ્થિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં મકરસંક્રાતિની ઉજવણી નિમિત્તે પતંગ પ્રદર્શનનું આયોજન બાબત :–

સુરત મહાનગરપાલિકા સંચાલિત સીટીલાઈટ સ્થિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં મકરસંક્રાતિની ઉજવણી નિમિત્તે પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેર પતંગ માટે ખુબ જાણીતુ છે અને રાંદેરના પતંગો અનેક જગ્યાએ પ્રખ્યાત છે તે સંદર્ભે આ પ્રદર્શનમાં પતંગનો ઈતિહાસ, પતંગ બનાવવાની રીત, પતંગો વિશે જાણવા જેવી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૦૨/૦૧/૨૦૧૪ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાની સુચના મુજબ ઝોનના ડે. ઈજનેરશ્રીઓ અને જુની./આસી. ઈજનેરો / દબાણ ખાતાના માણસો તથા પોલીસ સ્ટાફ તેમજ સીકયુરીટી સ્ટાફને સાથે રાખીને ટી.પી. ના રસ્તાના કબજા માટે કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં તા.૨૭/૧૨/૨૦૧૩ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના સુચના મુજબ, ડે.ઈજનેર તથા જુની.ઈજનેર શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

મા.મેયરશ્રીની નોંધ નં. એમ.એન./૨૧૩ તા. ૧૮/૧૨/૨૦૧૩ થી કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ પારસનગર સોસાયટી, કુબેરનગર, અંબિકાનગર તેમજ ધ્રુવતારક સોસાયટી વિસ્તારના સ્થળો પરથી દિન–૧૦(દસ)માં દબાણો દુર કરી તેની જાણ કરવા જણાવેલ.

ઉપરોકત મા. મેયરશ્રીની ઉપરોકત નોંધ અન્વયે સદરહુ વિસ્તારમાં આવેલ "૦"(ઝીરો)દબાણ રૂટ પરથી તા ૨૬/૧૨/૨૦૧૩ સુધીમાં દબાણો હટાવી લેવા બાબતે અત્રેથી બેનરો બનાવી સદરહુ રૂટ પર જુદી જુદી જગ્યાએ તા.૨૦/૧૨/૨૦૧૩ ના રોજ લગાવી પ્રદર્શિત કરવામાં આવેલ. વધુમાં સદરહુ ગેરકાયદેસર દબાણો દુર કરવાની કામગીરી જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે અત્રેથી તા. ૨૦/૧૨/૨૦૧૩ ના રોજ પત્ર લખી તા. ૨૭/૧૨/૨૦૧૩ ના રોજ માટેનો પોલીસ બંદોબસ્ત તેમજ સુરત મહાનગરપલિકાના સીકયુરીટી સ્ટાફનો બંદોબસ્ત પણ માંગવામાં આવેલ હતો.

તા. ૨૬/૧૨/૨૦૧૩ ના રોજ બપોર બાદ ઝોનના દબાણ તથા શહેર વિકાસ સ્ટાફ સાથે સદરહુ રૂટો પર ફરીને "૦"દબાણ રૂટ પરથી પગથિયા, ઓટલા, સ્ટેન્ડ, બેનર, પતરાના શેડ વિગેરે દુર કરી દેવા સંબંધિત દુકાનદારોને રૂબરૂમાં તાકીદ કરવામાં આવી હતી તેમજ નડતરરૂપ પરચુરણ બિનવારસી તાડપત્રી, સ્ટેન્ડ, બેનરો દુર કરેલ હતા.

આ બાબતે તા.૨૭/૧૨/૨૦૧૩ના રોજ સદરહુ દબાણ ઝુંબેશ પરિણામલક્ષી તેમજ અસરકારક રીતે થાય તે માટે પોલીસ બંદોબસ્ત માંગવામાં આવેલ હતો. તેમ છતાં પોલીસ વિભાગ તરફથી પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવેલ ન હતો. તેમ છતાં લીંબાયત ઝોન તથા વરાછા ઝોનનો દબાણ સ્ટાફ તથા સાધનો તૈયાર હોવાથી તેમજ અત્રેના કતારગામ ઝોનના દબાણ સ્ટાફ તેમજ શહેર વિકાસના સ્ટાફ સહિત સ્થળ પર જઈ દબાણ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. જે દરમ્યાન કુબેરનગર સોસાયટી વિભાગ–૧ વાળા ટી.પી. રોડની આજુબાજુ આવેલ દુકાનોને લાગુ ફુટપાથ પર પગથિયા ચણી કરવામાં આવેલ દબાણ તોડીને દુર કરવામાં આવતા સ્થાનિક દુકાનદારો તેમજ રહેવાસીઓનું આશરે ૩૦૦ માણસોનું ટોળું એકત્રિત થયેલ. જેથી દબાણની કામગીરી ફરી શરૂ થાય તેમજ સ્ટાફની સલામતી જળવાય તે હેતુસર પોલીસની મદદ માંગવામાં આવી હતી. થોડા સમય બાદ પોલીસની પી.સી.સી.આર. વાન સ્થળ પર આવી પહોંચી હતી. સદરહુ રસ્તા પર ફુટપાથ પર થયેલ દબાણો મહંદશે દુર કરવામાં આવેલ હતા. આગામી દિવાલોમાં પણ પોલીસ બંદોબસ્ત મેળવી દબાણ દુર કરવાની કાર્યવાહી ચાલુ રાખવામાં આવનાર છે.

**TOP**

## સાઉથઝોન (ઉધના) નાં ઉધના ગામ વિસ્તારના દાઉદનગર હાઉસીંગ સોસાયટીમાં આવેલ મટન/ચીકન નું વેચાણ કરતી સંસ્થા/દુકાનો માં આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવેલ બાબતઃ–

સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન (ઉધના) નાં ઉધના ગામ વિસ્તારના દાઉદનગર હાઉસીંગ સોસાયટીમાં આવેલ મટન/ચીકન નું વેચાણ કરતી સંસ્થા/દુકાનો માં આરોગ્ય વિભાગના સ્ટાફ દ્વારા તા. ૨૯/૧૨/૨૦૧૩ નાં રોજ ચેકીંગ હાથ ધરવામાં આવેલ, જે પૈકી પરવાનો/ લાયસન્સ વગર ધંધો કરતી ૪(ચાર) સંસ્થાઓ માલુમ પડેલ છે. અગાઉ પણ સદર સંસ્થાના માલિક/વહિવટકર્તાઓ ને નોટીસ પાઠવી કુલ વહીવટી ખર્ચ રૂા. ૧૫,૦૦૦/– વસુલવામાં આવેલ છે. હાલમાં તે સંસ્થાઓ બંધ કરાવવામાં આવેલ છે. તેમજ તે પૈકી ૧(એક) સંસ્થામાં મોટા જાનવરનું માસ વેચાણ થતું હોવાનું માલુમ પડેલ છે. જે અંગે પોલીસ ફરીયાદ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. ચેકીંગ દરમ્યાન કુલ–૨૮૦ કિલો જેટલો અખાદ્ય મટન/ચીકનનો જથ્થો જંતુનાશક દવાનો છંટકાવ કરી ડીસ્પોઝલ સાઈડ પર નાશ કરાવેલ છે.

TOP

## પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલની સાથે વૈવિધ્ય સભર સાંસ્કૃતિક કાર્યક્રમ :–





સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૪/૧૨/૨૦૧૩ થી ૩૧/૧૨/૨૦૧૩ દરમ્યાન દરરોજ રાત્રે ૭.૦૦ થી રાત્રે ૯.૩૦ કલાક દરમ્યાન પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલની સાથે શાળા–સંસ્થાઓનો વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કૃષ્ણકુંજ મ્યુનિસિપલ પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલમાં રજુ થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમોને નગરજનોએ ઉત્સાહથી માણ્યાં હતા. હવે પછી પોંક/વિન્ટર ફુડ ફેસ્ટીવલમાં વિવિધ વાનગીઓના સથવારે નીચે મુજબના કાર્યક્રમો રજુ થનાર છે. જે કાર્યક્રમોને માંણવા શહેરની ઉત્સવપ્રિય જનતાને હાર્દિક નિમંત્રણ છે.

**:: સાંસ્કૃતિક કાર્યક્રમો ::**

| ક્રમ | તારીખ/વાર | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧ | ૩૦/૧૨/૨૦૧૩ સોમવાર | ક્રિએટીવ ઈવેન્ટ મેનેજમેન્ટ દ્વારા અંતાક્ષરી કાર્યક્રમ |
| ૨ | ૩૧/૧૨/૨૦૧૩ મંગળવાર | એચ.વી.સ્વામીનારાયણ વિદ્યાલયનો રંગારંગ કાર્યક્રમ તથા ક્રિએટીવ ઈવેન્ટ મેનેજમેન્ટ દ્વારા ફન ગેમ્સ |

નોંધઃ– તા.૨૪/૧૨/૨૦૧૩ થી તા. ૩૧/૧૨/૨૦૧૩ દરમ્યાન પોંક ફેસ્ટીવલમાં પધારનાર નગરજનોના બાળકો માટે ફ્રી જંમ્પીગ ગેઈમની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વ (વરાછા)ઝોનમાં બરોડા પ્રિસ્ટેજ તથા કોહીનુર વિસ્તારમાં અનઅધિકૃત દબાણ હટાવ ઝુંબેશ :–

પૂર્વ(વરાછા)ઝોન વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં. ૧૭(ફુલપાડા)માં વરાછા મેઈન રોડને લાગુ બરોડા પ્રિસ્ટેજ વિસ્તારમાં વરાછા મેઈન રોડ તથા આંતરિક ટી.પી. રસ્તાઓ ઉપર વર્ષોથી પાથરણાંવાળા, બાકડાંવાળા, શાકભાજી વાળાઓ દ્વારા પાથરણાં પાથરી રસ્તા ઉપર દબાણ ઉભુ કરી રાહતદારીઓ તથા વાહન ચાલકોને નડતરરૂપ થતાં હતાં. જે અંગે તા. ૨૩/૧૨/૨૦૧૩ થી અત્રેથી રોંજીંદી ઝુબેશો કરી દબાણ હટાવવામાં આવેલ હતા. આજરોજ વરાછા ઝોનના દબાણ તથા આરોગ્યનાં સ્ટાફ સાથે ડે. કમિશનરશ્રી(સ્પે.) ના સીધા માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી પી.ડી.મુન્શીની આગેવાનીમાં પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક પોલીસના સ્ટાફ સાથે સદર દબાણો હટાવવાની કામગીરી ઘનિષ્ટ રીતે પુરી કરવામાં આવેલ. જેમાં વરાછા પોલીસ સ્ટેશનનો સ્ટાફ તથા ટ્રાફીક પોલીસ(વરાછા સેલ)નાં સ્ટાફનો સહકાર લેવામાં આવેલ. જે અંર્તગત વરાછા મેઈન રોડનાં બરોડા પ્રિસ્ટેજને લાગુ ટી.પી. રસ્તા ઉપરના તમામ દબાણ હટાવી, ટ્રાફીક પોલીસનાં સ્ટાફના સહકારથી વાહનો હટાવીને આરોગ્ય વિભાગનાં સ્ટાફ દ્વારા સાફસફાઈ કરી ઘનિષ્ટ ઝુંબેશ સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે. વધુમાં આ તમામ સ્ટાફ સાથે વરાછાનાં હાર્દ સમા મીની બજારમાં આવેલ કોહીનુર રોડ પર ઉપર પણ આજ પ્રકારે ઝુંબેશ કરી દબાણો હટાવી આરોગ્યનાં સ્ટાફ દ્વારા સફાઈ ઝુંબેશ સફળતાથી પાર પાડવામાં આવેલ છે. અગાઉ બરોડા પ્રિસ્ટેજ વિસ્તાર તથા વરાછા મેઈન રોડ ઉપર ટી.પી. રસ્તા ઉપર દબાણકર્તાઓ દ્વારા દબાણનું દુષણ ઉભુ ન કરવા બાબતની તાકીદ કરતી જાહેર નોટીસનાં બોર્ડ પણ લગાવવામાં આવેલ છે. આગામી દિવસોમાં વરાછા ઝોનમાં દબાણકર્તાઓને દુર કરવાની ઝુંબેશો પ્રગતિમાં રહેશે.

TOP

## સુરત મહાનગરપાલિકા મુખ્યમંત્રીશ્રીના નિર્મળ ગુજરાત અને કલાઈમેટ ચેન્જ અભિયાનના ભાગ રૂપે શહેરી વિસ્તારમાં એનીમલ હોસ્ટેલની સ્થાપનાની યોજના અમલમાં મુકશે. :–

આજરોજ તા. ૩૧/૧૨/૨૦૧૩ના સવારે ૧૦.૩૦ કલાકે મા. મેયરશ્રીની અધ્યક્ષતામાં મા. મુખ્યમંત્રીશ્રીના નિર્મળ ગુજરાત અને કલાઈમેટ ચેન્જ અભિયાનના ભાગરૂપે શહેરી વિસ્તારમાં એનીમલ હોસ્ટેલની સ્થાપનાની યોજના અમલમાં મુકવા માટે ડો. વલ્લભભાઈ કથીરીયા, અધ્યક્ષશ્રી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગુજરાતની હાજરીમાં મીટીંગ મળેલ. જેમાં અધ્યક્ષશ્રી, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડએ બોર્ડની વિવિધલક્ષી કામગીરી અને વિવિધ સહાય યોજનાઓની વિસ્તૃત માહિતી આપેલ. અને સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં એનીમલ હોસ્ટેલની સ્થાપનાની યોજના વહેલામાં વહેલી તકે અમલમાં મુકવા ભારપૂર્વક જણાવેલ. તે અનુસંધાનમાં મા.મેયરશ્રીએ ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની વિવિધલક્ષી કામગીરીને આવકારેલ  અને હકારાત્મક અભિગમ દર્શાવી બોર્ડના અધ્યક્ષશ્રીને ખાતરી આપેલ કે, જો ગુજરાત સરકારશ્રી સુરત મહાનગરપાલિકાને એનીમલ હોસ્ટેલ બનાવવા માટે ગૌચર/ ગામતળ/ સરકારી પડતર/ ખરાબાની પુરતી જમીન અને નાણાંકીય સહાય ફાળવી આપશે તો સુરત મહાનગરપાલિકા આ યોજનાનો તાકીદે અમલ કરશે. અને તેમાં પાણી, ગટર અને રસ્તા વિગેરેની સગવડ પુરી પાડશે. ઉપરાંત આ યોજનાના અમલીકરણ માટે આગામી નાણાંકીય વર્ષમાં પચાસ લાખ થી એક કરોડ સુધીની નાણાંકીય જોગવાઈ ઉપસ્થિત કરવામાં આવશે.

આ મીંટીંગમાં અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી રાજેશભાઈ દેસાઈ, ડે. કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ), એડી. માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટ, હાઈડ્રોલિક ઈજનેર, ગૌસેવા અને ગૌચર બોર્ડના મુખ્ય કાર્યકારી અધિકારી અને સુરત શહેરના પશુપાલન વિભાગ ઉચ્ચ અધિકારીઓ હાજર રહેલ.

TOP

## નવા વર્ષ નિમિત્તે હાર્દિક શુભકામના :–

મેયર નિરંજન ઝાંઝમેરા, ડે.મેયર દયાશંકરસિંહ, સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજેશ દેસાઈ, નેતા શાસક પક્ષ રમેશ કે. લાઠીયા (આર.કે), સુરત મહાનગરમાં વસતા તમામ ખ્રિસ્તી ભાઈ–બહેનોને ૧ લી જાન્યુઆરી ૨૦૧૪ થી શરૂ થતા નવા વર્ષ નિમિત્તે હાર્દિક શુભકામના પાઠવે છે.

TOP

## મિલ્કતના ગેરકાયદેસર બાંધકામ બાબત :–

ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ એચ.કે.સ્ટ્રીટ બેગમપુરામાં આવેલ વોર્ડ નં.૪, નોંધ નં.૩૩૬૦ વાળી મિલ્કતમાં મિલ્કતદાર શ્રી મોહશીન જૈતુલભાઈ મુલ્લા ધ્વારા અત્રેથી મેળવવામાં આવેલ રજાચિટ્ટી વિરુધ્ધ વધારાનાં ચોથા માળે આશરે ૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ સહિતનું ગેરકાયદેસર બાંધકામ તા.૦૧/૦૧/૧૪ ના રોજ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ છે.

TOP

તમામ ઝોનની સફાઈ ઝુંબેશ :–

તા. ૧–૧–૨૦૧૪ બુધવાર

| અનં | વિગત | Total |
|---|---|---|
| અ | સફાઈ ઝુંબેશનો વિસ્તાર | |
| બ | કુલ ટીમની સંખ્યા | ૩૦ |
| ૧ | ડે. ઈજનેર | ૩ |
| ૨ | મુખ્યઆરોગ્ય નિરીક્ષક | ૧૮ |
| ૩ | જુ. –આસી. ઈજનેર / સુપરવાઈઝર | ૬ |
| ૪ | ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર | ૯ |
| ૫ | ટેકનીકલ આસી. | ૧૦ |
| ૬ | વાયરમેન | ૮ |
| ૭ | આરોગ્ય નિરીક્ષક / મ.આ. નિરીક્ષક | ૭૧ |
| ૮ | ડ્રેનેજ ઈન્સ્પેકટર | ૨ |
| ૯ | પ્રાયમરી હેલ્થ વર્કરો | ૫૦ |
| ૧૦ | કડીયા | ૧૪ |
| ૧૧ | સફાઈ કામદારો / બેલદારો | ૦ |
| ૧૧ અ | આરોગ્યવિભાગ | ૯૪૭ |
| ૧૧ બ | લોકસેવા વિભાગ | ૧૧૮ |
| ૧૧ ક | ડ્રેનેજ વિભાગ | ૦ |
| ૧૨ | કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો નિકાલ કુલ મે. ટન | ૩૬ |
| ૧૩ અ | દબાણ દુર કર્યાની વિગત | ૦ |
| ૧૩ બ | લારી | ૦ |
| ૧૩ ક | ગલ્લા | ૦ |
| ૧૩ ડ | અન્ય સામાન | ૨૫ |
| ૧૪ | ગુમાસ્તાધારા વિભાગ તરફથી ચેક થયેલ સંસ્થા | ૧૪૧ |
| ૧૫ અ | પ્રોફેશન ટેક્ષ અંતર્ગત કરેલ કામગીરી ચેક કરેલ સંસ્થા : | ૭૩ |
| ૧૫ બ | વસુલ કરેલ ટેક્ષની રકમ રૂા. | ૭૩૦૦ |
| ૧૬ | ફુટપાથ રીપેર કરી કુલ ચો. મી. | ૪૦ |
| ૧૭ | વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્ક્રેપીંગ કરી સાફ કર્યા કુલ (રનીંગ મીટર) | ૧૫ |
| ૧૮ અ | વરસાદી જાળીયા સાફ કર્યા નંગ | ૬ |
| ૧૮ બ | વરસાદી જાળીયા રીપેર કર્યા | ૧ |
| ૧૯ | લાઈટ વિભાગની કામગીરી | ૦ |
| | વી.બી.ડી.સી. વિભાગની કામગીરી | ૦ |
| ૨૦ | કુલ ઘર સર્વે | ૫૨૬૭ |
| ૨૧ | બ્રીડીગ સ્પોટ ચેક કર્યા | ૧૨૯૯૭ |
| ૨૨ | પોઝીટીવ બ્રીડીગ સ્પોટ | ૨૪ |
| ૨૩ | બ્રીડીગ નાશ કર્યા | ૧૮ |
| ૨૪ અ | એનો. | ૩ |
| ૨૪ બ | એડીસ | ૨૧ |
| ૨૪ ક | કયુલેકસ | ૦ |
| ૨૪ ડ | મિશ્ર | ૦ |
| ૨૫ | તાવનાં કેસમાં સ્લાઈડ લીઘી | ૪૩૦ |
| ૨૬ | એફ.આર.ટી. આપી | ૨૫ |
| ૨૭ | ફોગીંગ આયોજન | ૦ |

| | | |
|---|---|---|
| ૨૮ | **કુલ નોટીસ / ચેતવણી** | ૨૦૧ |
| ૨૯ | **વહીવટી ખર્ચ વસુલાત** | ૩૭૨૫૦ |
| ૩૦ | **ઈસમોની સંખ્યા** | ૨૨૪ |
| ૩૧ | **પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કી.ગ્રા.** | ૧૮.૫ |
| ૩૨ | **અખાધ પ્રદાથોનો નાશ કી.ગ્રા.** | ૮૯.૫ |
| ૩૩ | **આંગણવાડીઓ ચેક કરી** | ૨ |
| ૩૪ | **શાળાઓ / સરકારી મકાન ચેક કર્યા** | ૨ |
| ૩૫ | **કામગીરીમાં જોડાયેલ આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ / શાળાઓની વિગત** | ૦ |

**TOP**

## સફાઈ ઝુંબેશનો વિસ્તારઃ–

| | | |
|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | : | શખેશ્વર કોમ્પલેક્ષથી મજુરાગેટ, એકતા સર્કલથી રૂદરપુરા સર્કલ થઈ શખેશ્વર કોમ્પલેક્ષ, ગલેમડી ચોગાન થી દિલ્હીગેટ થઈ હરીજનવાસથી લાલ દરવાજા સુધી, રામપુરા પટેલ ચેમ્બર્સથી ગોવાળીયા ફળીયા, કાંકરા મહોલ્લા થઈ લાલમીયા મસ્જીદ સુધી |
| વરાછા ઝોન | : | રામનગર ત્રણ રસ્તાથી સરદાર ચોક સુધી, રામેશ્વર ડેરીથી તેજેન્દ્ર પાર્ક સોસાયટી, હરેકૃષ્ણ કોમ્પલેક્ષથી તેજેન્દ્ર પાર્ક, હીરાબાગ હેલ્થ સેન્ટર રોડ, બરોડા પ્રીસ્ટેજથી જે.કે.પ્રેટોલ પંપ સુધી |
| રાંદેર ઝોન | : | ઝુલેલાલ મંદીરથી સરસ્વતી ચાર રસ્તા સુધીનો રોડ, રામનગર, ગુ.હા.બોર્ડ બ્લોક નં.૧ થી ૭૦ સુધીનો મેઈન રોડ, ગુ.હા.બોર્ડ બ્લોક નં.૭૧ થી સરકારી વસાહત સુધીનો મેઈનરોડ, સરસ્વતી સોસાયટી ચાર રસ્તાથી પીરામીટ માર્બલ (જમણી તથા ડાબી બાજુનો રોડ) |
| કતારગામ ઝોન | : | તમામ વોર્ડનાં મુખ્ય રસ્તા ઉપર ગ્રુપ સફાઈ, કન્ટેનર, ડીવાઈડર, ગાર્ડસ્ટોન સર્કલ અને ત્રિકોણીયાની સફાઈ તેમજ બાંધકામ માટેનું મટીરીયલ પડેલ હતુ તે લાગત માલિક પાસે ઉપડાવ્યુ. |
| ઉધના ઝોન | : | પંચશીલ નગર – ૧,૨, મનહર ડાઈગ પાસે |
| અઠવા ઝોન | : | વી.આઈ.પી.રોડ, ભરથાણા |
| લીંબાયત ઝોન | : | સંજયનગર સર્કલ, કાકા કાલેલકર બાગથી નીલગીરી સર્કલ, શાંતીવન બાગથી આસ્તિક નગર રોડ, હનુમાન મંદીર ચાર રસ્તાથી ગોડાદરા નહેર સુધી (ડાબી તથા જમણી બાજુ) |

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સીટીલાઈટ સ્થિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં મકરસંક્રાતિની ઉજવણી નિમિત્તે પતંગ પ્રદર્શનનું આયોજન બાબત :–

સુરત મહાનગરપાલિકા સંચાલિત સીટીલાઈટ સ્થિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં મકરસંક્રાતિની ઉજવણી નિમિત્તે પતંગ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેર પતંગ માટે ખુબ જાણીતુ છે અને રાંદેરના પતંગો અનેક જગ્યાએ પ્રખ્યાત છે તે સંદર્ભે આ પ્રદર્શનમાં પતંગનો ઈતિહાસ, પતંગ બનાવવાની રીત, પતંગો વિશે જાણવા જેવી બાબતો, દોરી બનાવવાની રીત તેમજ દુનિયાના વિવિધ દેશોના પતંગો અને વિવિધ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ વિશેની વિશેષ જાણકારી દર્શાવવામાં આવી છે. આ પ્રદર્શન તા.૦૫/૦૧/૨૦૧૪ થી તા.૨૫/૦૧/૨૦૧૪ દરમ્યાન સવારે ૯.૩૦ થી સાંજે ૪.૩૦ કલાક સુધી જાહેર જનતા માટે સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે પ્રદર્શન ખુલ્લું રહેશે. જયારે તા.૧૪/૦૧/૧૪ના રોજ ઉત્તરાયણ અને દર સોમવારના રોજ સાયન્સ સેન્ટર સંકુલ સંપૂર્ણ બંધ રહેશે. આ પતંગ પ્રદર્શનનો લાભ લેવા જાહેર જનતાને વિનંતી.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૦૨/૦૧/૨૦૧૪ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાની સુચના મુજબ ઝોનના ડે. ઈજનેરશ્રીઓ અને જુની./ આસી. ઈજનેરો / દબાણ ખાતાના માણસો તથા પોલીસ સ્ટાફ તેમજ સીકયુરીટી સ્ટાફને સાથે રાખીને ટી.પી. ના રસ્તાના કબજા માટે કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી. સ્કીમ નં. ૨૭(ઉત્રાણ–કોસાડ) પ્રિલીમનરી તરીકે મંજુર થયેલ હોય, અમલીકરણના ભાગ રૂપે ટી.પી. રસ્તાના કબજા મેળવવા માટે ફા.પ્લોટ નં. ૪૮ તથા ૭૩ વચ્ચેથી પસાર થતો ૩૬.૦૦ મી. ના અંદાજે ૨૪૦ મી. ની લંબાઈમાં ૧૨૦૦ ચો.મી. રસ્તાની જગ્યાનો કબજો મેળવી સ્થળ પર જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. સદર રસ્તો ૩૬.૦૦ મી. ના રસ્તા પર આવેલ નવી પાણીની ટાંકીથી મનીષા ગરનાળા સુધી જાય છે. સદર રસ્તો ખુલ્લો થવાથી સ્ટ્રોમ ડ્રેનેજ તથા ડ્રેનેજ લાઈન નાંખી શકાશે. જેનાથી ઉત્રાણ વિસ્તાર ને વરસાદી પાણીના નિકાલની તથા ડ્રેનેજ સુવિધા પુરી પાડી શકાશે.

(૨) ટી.પી. સ્કીમ નં. ૭૩(ઉત્રાણ) ડ્રા. તરીકે મંજુર થયેલ હોય, અમલીકરણના ભાગ રૂપે ટી.પી. રસ્તાના કબજા મેળવવા માટે ફા.પ્લોટ નં. ૪૧/એ, ૪૧/બી, ૩૮, ૩૯, ૩૫, ૩૩/એ અને ૩૩/બી વચ્ચેથી પસાર થતો ૧૮.૦૦ મી. ના અંદાજે ૩૦૦ મી. ની લંબાઈમાં ૫૪૦૦ ચો.મી. રસ્તાની જગ્યાનો કબજો મેળવી સ્થળ પર જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. સદર રસ્તો ખુલ્લો થવાથી સ્ટ્રોમ ડ્રેનેજ તથા ડ્રેનેજ લાઈન નાંખી શકાશે. જેનાથી ઉત્રાણ વિસ્તાર ને વરસાદી પાણીના નિકાલ ની તથા ડ્રેનેજ સુવિધા પુરી પાડી શકાશે.

(૩) ટી.પી.સ્કીમ નં.૭૩ (ઉત્રાણ) ડ્રા. તરીકે મંજુર થયેલ હોય, અમલીકરણના ભાગ રૂપે ટી.પી. રસ્તાના કબજા મેળવવા માટે ફા.પ્લોટ નં. ૫૪ અને ૪૧/બી વચ્ચેથી પસાર થતો ૧૮.૦૦ મી. ટી.પી.રોડનો આંશિક રીતે અંદાજે ૧૮૦ ચો.મી. વિસ્તારમાં કબજો મેળવી સ્થળ પર જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા. ૦૧/૦૧/૨૦૧૪ ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાની સુચના મુજબ, ડે. ઈજનેર તથા જુની. ઈજનેર શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી. સ્કીમ નં. ૨૪(ટુંકી), રે.સ.નં.૧૨ પૈકી ફા.પ્લોટ નં.૧૭માં આવેલ નિલકંઠ ઈન્ડ. એસ્ટેટના સબ પ્લોટ નં.૬, ૭, ૮ માં શરૂ કરેલ મંજુરી વિનાના બાંધકામ અન્વયે લાગુ ૯.૦ મી.ના ટી.પી. રસ્તાની અસર હેઠળ આવતા પ્રથમ માળથી ચોથા માળ પરનું ચણતરની દિવાલો સહિતનું આશરે ૨૧૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરેલ છે તેમજ મિલ્કતદાર પાસેથી ડીમોલીશન વહીવટી ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) મા.મેયરશ્રીની નોંધ નં.એમ.એમ./૨૧૩, તા.૧૮/૧૨/૨૦૧૩ થી કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ પારસનગર સોસાયટી, કુબેરનગર, અંબિકાનગર તેમજ ધ્રુવતારક સોસાયટી વિસ્તારના સ્થળો પરથી દિન–૧૦ (દસ)માં દબાણો દુર કરી તેની જાણ કરવા જણાવેલ.

ઉપરોકત મા.મેયરશ્રીની ઉપરોકત નોંધ અન્વયે સદરહુ વિસ્તારમાં આવેલ "૦" (ઝીરો) દબાણ રૂટ પરથી તા.૨૬/૧૨/૨૦૧૩ સુધીમાં દબાણો હટાવી લેવા બાબતે અત્રેથી બેનરો બનાવી સદરહુ રૂટ પર જુદી જુદી જગ્યાએ તા.૨૦/૧૨/૨૦૧૩ ના રોજ લગાવી પ્રદર્શિત કરવામાં આવેલ.

તા.૨૬/૧૨/૨૦૧૩ ના રોજ બપોર બાદ ઝોનના દબાણ તથા શહેર વિકાસ સ્ટાફ સાથે સદરહુ રૂટો પર ફરીને "૦" દબાણ રૂટ પરથી પગથિયા, ઓટલા, સ્ટેન્ડ, બેનર, પતરાના શેડ વિગેરે દુર કરી દેવા સંબંધિત દુકાનદારોને રૂબરૂમાં તાકીદ કરવામાં આવી હતી તેમજ નડતરરૂપ પરચુરણ બિનવારસી તાડપત્રી, સ્ટેન્ડ, બેનરો દુર કરેલ હતા.

સદર દબાણ હટાવવાની ઝુંબેશ સંદર્ભે કતારગામ ઝોનના દબાણ સ્ટાફ તથા શહેર વિકાસ વિભાગના સ્ટાફની મદદથી દરરોજ ઉપરોકત રૂટ પર દબાણ દુર કરવાની કાર્યવાહી કરવામાં આવે છે. જેના પરિણામે કુબેરનગર, પારસ સોસાયટી, અંબિકાનગર સોસાયટી વિગેરે વિસ્તારમાં "૦" દબાણ રૂટ પર લારી ગલ્લા તથા પાથરણાનું તમામ દબાણ દુર થયેલ છે. તેમ છતાં ફરીથી દબાણ ન થાય તે માટે જરૂરી તકેદારી રાખવામાં આવે છે.